# અરવમાંથી આંદોલિત થતા મનોસંવેદનોના પડછાયા

'જિગીષા પાઠક' સાંપ્રત સાહિત્યમાં સશક્ત વાર્તાકાર તરીકે જાણીતું નામ છે. તેમનો આ પ્રથમ વાર્તાસંગ્રહ 'અરવ'થી આ વાત પુરવાર થાય છે. લગભગ ચાર-પાંચ વર્ષથી તેઓ નવલિકાઓ લખી રહ્યાં છે. તેમની કલમમાંથી ટપકતી વાર્તાઓના વિષયો નોખા-અનોખા હોય છે. તેમની ઘણી વાર્તાઓ મનોવૈજ્ઞાનિક વિષયની છે. માનવમનના અતલ ઊંડાણમાં ડૂબકી મારીને તેઓ તેના જટિલપણાની, કુંઠાઓની અને રાગ-દ્વેષની વાર્તાઓ લઈને આવે છે.

અંગ્રેજી ભાષાના લેખક મ્યુરિયસ રુકેસર (ધ સ્પીડ ઑફ ડાર્કનેસ) કહે છે, 'બ્રહ્માંડ વાર્તાઓથી બનેલું છે, અણુઓથી નહીં.' વિશ્વસાહિત્યમાં ટૂંકી વાર્તાએ સારું એવું કાઠું કાઢ્યું છે. દુનિયાની એવી કોઈ ભાષા નહીં હોય, જેમાં ટૂંકી વાર્તાઓ ન લખાતી હોય. માણસ બ્રહ્માંડના અણુઓથી બનેલો છે અને એ અણુઓ વાર્તામાંથી બનેલા છે. ખાસ કરીને વાર્તા લખતાં લેખકોનાં તો ખરાં જ. 'જિગીષા પાઠક' પણ વાર્તાઓના અણુઓથી બનેલાં છે.

તેમની વાર્તાના વિષયો સાથે તેનાં શીર્ષકો પણ વિચારપ્રેરક, વ્યંજનાત્મક, રંગદર્શી, સંવેદનાત્મક, ચૈતસિક અને આધ્યાત્મિક હોય છે. મોટા ભાગે તે એક જ શબ્દોના ટૂંકા હોય છે. શીર્ષકો આકર્ષિત અને નાવીન્યસભર હોય તો તે વાચકોને વાર્તા વાંચવા પ્રેરે છે. સંગ્રહનું શીર્ષક 'અરવ' પણ તેમની એક વાર્તાનું શીર્ષક છે. 'જિગીષા પાઠક' શીર્ષકો માટે સભાન છે.

જેટલું શીર્ષકો માટે લેખકને મમત્વ છે, તેટલું તેમને વાર્તાનાં પાત્રો પ્રત્યે નથી. તેમની ઘણી વાર્તાઓમાં નાયક-નાયિકાઓ કે અન્ય પાત્રોનાં નામ જ નથી. નામને બદલે તેમણે સર્વનામનો

ઉપયોગ કર્યો છે. કદાચ તેઓ નામમાં બંધાઈને તેમની વાર્તા કોઈ એક વર્ગ, પ્રદેશ કે દેશ માટે સીમિત કરવા નહીં માગતાં હોય!

તેમની વાર્તાઓની રસાળ શૈલીમાં પીઢતા અનુભવાય છે. વાર્તામાં ઓછાં અને ઓછું બોલતાં પાત્રો એ તેમની લાક્ષણિકતા છે. વાર્તાઓની રચનારીતિ અલગ તરી આવે છે. ઘટનાઓમાં તેમને રસ નથી પણ ઘટના પછીની ઘટનાઓ તેમને આકર્ષે છે. તેઓ ઘટનાનું તિરોધાન સરળતાથી કરી શકે છે. પરિવેશ અને ક્રિયાઓ થકી મજબૂત દૃશ્યો અને પાત્રો ઊભાં કરવાની હથોટી તેમણે કેળવી છે. કેટલીક વાર્તાઓમાં લલિત નિબંધની છાંટ વર્તાય છે.

'અરવ' વાર્તાસંગ્રહની અડધાથી પણ વધારે વાર્તાઓ મનોવૈજ્ઞાનિક વિષયની છે. આ વાર્તાઓમાં તેમણે ફેન્ટસી, રૂપકો, જાદુઈ તત્ત્વો ને વિવિધ રચનારીતિ દ્વારા પ્રયોગો કર્યા છે. પ્રથમ સંગ્રહમાં જ આવાં પ્રયોગો કરવા માટેની તેમની હિંમત અને સમજ પ્રશંસનીય છે. આ પ્રકારની વાર્તાઓનો વાચકવર્ગ સીમિત હોય છે, કેમ કે આવી વાર્તાઓ સરળતાથી સમજાતી નથી. તેને ઉકેલવી પડે છે અને તે માટે એકથી વધારે વખત વાંચવી પડે છે. આ એક મર્યાદા છે.

આ પ્રકારની વાર્તાઓ લખવાની તેમને ગમે છે. કદાચ એ તેમની પોતાની જરૂરિયાત અને પસંદગી છે. એમાં કશું ખોટું નથી પણ એક વાત કહેવાની ઇચ્છા થાય છે. જો તેમને વિશાળ વાચકવર્ગ સુધી પહોંચવું હોય તો, તેમણે અભિધામાં ઘટનાપ્રધાન વાર્તાઓ પણ લખવી જોઈએ.

વિખ્યાત બ્રિટિશ લેખક અને 'હૅરી પૉટર' સિરીઝના સર્જક 'જે. કે. રૉલિંગ' કહે છે, "આપણે જે વાર્તાઓને સૌથી વધુ પ્રેમ કરીએ છીએ, તે આપણી અંદર કાયમ જીવંત રહે છે." 'અરવ'ની વાર્તાઓ પણ વાચકના મનમાં ઊંડી છાપ છોડી જતી સંવેદનશીલ વાર્તાઓ છે.

# અરવ

રાત જેમ-જેમ સરકતી હતી તેમ-તેમ અવાજો અંધારામાં ઓગળતા જતા હતા. એ અગાશીમાં ઊભો રહીને દૂરથી આવતા અવાજોને સાંભળી રહ્યો હતો. વાહનોના અવાજો સાવ ઓછા થઈ ગયા હતા. થોડે અંતરે આવેલાં ઝૂંપડાંઓમાંથી આવતો ગોકીરો વિખરાઈ ગયો હતો. આજુબાજુનાં ઘરોમાંથી આવતા છૂટાછવાયા સંવાદો પણ શમી ગયા હતા. રાત સાથે લગભગ બધું થીજી ગયું હતું. એણે દૂર-દૂર સુધી એવી રીતે જોયું જાણે અવાજનાં મોજાં એ જોઈ શકતો હોય! એની બેચેની વધતી જતી હતી. કોઈ અજ્ઞાત ભય એના પર તોળાતો હોય એવા ડરથી એણે ધીમું-ધીમું ગણગણવાનું શરૂ કર્યું અને આમતેમ આંટા મારવા લાગ્યો. મોબાઇલ હાથમાં લીધો પણ યાદ આવ્યું કે દીકરી સાથે વાત થયા પછી બૅટરી પતી ગઈ હતી. એણે થાકીને આરામખુરશી પર પડતું મૂક્યું અને શાલ ઓઢી લીધી.

ઠંડું અંધારું જાણે તેની ઉપલા માળની અગાશીમાં વધુ ઘેરું બનીને ઊતરી રહ્યું હતું. એનું ચાલે તો ચોવીસે કલાક દિવસ જ રાખે! રાત પડવા જ ના દે! પોતે આખો દિવસ શોરબકોરની નગરીનો રાજા હોત! એ એ જ અવસ્થામાં પડ્યો રહ્યો. એને ઊઠવાનું મન જરાય નહોતું થતું. બાજુમાં ટેબલ પર એંઠી થાળી હજુ એમની એમ હતી. હાથ પણ તેમાં જ ધોયા હતા. એણે શરીરને હલાવવાનો પ્રયત્ન કરી જોયો, સહેજ ઊઠવા ગયો પણ

ધબ દઈને આરામખુરશીમાં પછડાયો! વળી, અંદર રૂમમાં જઈને તો મનને ધીમું-ધીમું ખોતરી નાખતી શાંતિ જ હોય છે ને! એણે પગ શાલની અંદર ખેંચી લીધા. આ એનો રોજનો ક્રમ હતો. સંધ્યાકાળ થાય એટલે એનું મન બેચેન થઈ જતું. એનામાં જાણે એક વિચિત્ર પ્રકારની ઉતાવળ આવી જતી. એ પાણીની બૉટલ તથા થાળીને ઢાંકીને ટેબલ પર મૂકી દેતો. ઓઢવા માટે શાલ અને રજાઈ પણ એ બહાર અગાશીમાં રાખેલ એક જૂના કબાટમાં જ મૂકી રાખતો!

આકાશમાં જોતો એ ક્યાંય સુધી જાગતો રહ્યો. કોઈક અવાજ સાંભળવા માટે કાન સરવા કર્યા પણ ખાસ કંઈ સંભળાયું નહીં. દૂર સુધી ફક્ત કાળી નીરવતાનું રાજ હતું! શાલ સહેજ સરખી કરી એમાં નીચે મૂકેલો ગ્લાસ ગબડીને દીવાલ પાસે જઈને અથડાયો. તેનો ખણખણાટ બંધ થયા પછી પણ એ એને મમળાવતો રહ્યો, કદાચ ઊંઘ આવી જાય! પણ ઊંઘ તો કયા ખૂણે અટવાઈ હતી કે આવવાનું નામ જ નહોતી લેતી! અચાનક એ ઊભો થયો અને અંદર ગયો, પછી પાછો આવ્યો ત્યારે એના હાથમાં ઘડિયાળ હતી. આમ તો એણે અહીં બહારની દીવાલ પર જ પક્ષીના અવાજવાળી ઘડિયાળ રાખી હતી, જે સમયસર બહાર આવીને ટહુકી જતી પરંતુ થોડા વખતથી એ બગડી હતી. એણે રૂમમાંથી લાવેલી ઘડિયાળ ટેબલ પર મૂકી દીધી. એનો ધ્વનિ શાંત વાતાવરણમાં વધુ સ્પષ્ટ આવતો હતો. ટીક... ટીક... ટીક... ટીક... એને એવું થયું કે ભયાનક શાંતિમાં ચોસલાં પાડીને તેમાં અવાજ ભરી દે! એ પડખાં ઘસતો રહ્યો. થોડી વાર પછી દૂર મસ્જિદમાં અઝાન શરૂ થઈ. ધીમે-ધીમે રસ્તાઓ પર વાહનોની થોડી અવરજવર ચાલુ થઈ. વહેલી સવારના આછા અજવાળા સાથે ફરી એક નવા દિવસે ડોકિયું કર્યું. દૂધવાળા તથા છાપાવાળાની ગતિવિધિઓથી દિવસ ગતિમાં આવી ગયો. મંદિરમાં ઘંટારવ શરૂ થયો અને એના ચહેરા પર શાંતિ પથરાઈ ગઈ. એના પોપચાં ઢળી પડ્યાં.

આંખો ખૂલી ત્યારે તડકો છાંયડામાં ફાટ શોધીને પ્રવેશવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. અવાજોની દુનિયા ધમધમતી હતી. એ

ઊઠ્યો ત્યારે એના ચહેરા પર રાહતભર્યું સ્મિત આવી ગયું! એ ફટાફટ ઊભો થયો અને આસપાસનું બધું સમેટવા લાગ્યો. વાસણો લઈને સિંકમાં મૂકી દીધાં. પત્નીના ગયા પછી ઉપલા માળે જ વધુ સમય વિતાવવાની એને આદત પડી ગઈ હતી. સમય મંથર ગતિએ ચાલી રહ્યો હતો. આમ તો પત્ની અને દીકરી હતાં ત્યાં સુધી તો બધાં નીચેનાં ઘરમાં રહેતાં, ત્યારે તો પિતા પણ હયાત હતા. આખો દિવસ ઘરમાં રોનક રહેતી હતી. જોકે તે વખતે તો ઘર ફક્ત ઑફિસથી આવવા-જવા વચ્ચેનું માત્ર એક ઠેકાણું હતું! બધાંએ ધીમે-ધીમે એક પછી એક વિદાય લીધી હતી. દીકરી બીજા શહેરમાં પરણી હતી. શરૂઆતમાં તો એ કોઈક ને કોઈક સગાસંબંધીને ત્યાં જઈ ચડતો. દુકાનોમાં તથા ફેરિયાઓ સાથે પણ વાતો લંબાવીને કરતો! કોઈક અજાણ્યા સાથે પણ ચઈને વાત છેડતો. એ સમય સાથે ચાલવાનો નહીં, દોડવાનો પ્રયત્ન કરતો તોય પાછળ જ રહી જતો! હાંફી જતો!

એ પછી તો ચારે તરફથી શાંતિ એને ઘેરી વળતી. એને એવું લાગતું કે એ નીરવતામાં પોતે ઓગળી જશે, ક્યાંક ખોવાઈ જશે અને કોઈને ખબર પણ નહીં પડે! દીવાલોમાંથી એકસાથે અસંખ્ય હાથ નીકળશે અને એને ભીંસી નાખશે એવું લાગતું! એનો શ્વાસ રૂંધાતો. રાતોની રાતો ઊંઘ્યા વિના પસાર થઈ જતી. એ આખો દિવસ ટીવી ચાલુ રાખતો! ઘોંઘાટ થાય એ રીતે કામ કરતો. એ બને તેટલા મોટા સ્વરે ગાતો. એ ફોનમાં જોઈને આંખોને થકવી નાખતો! તે પછી વિચિત્ર શાંતિ એને અંદરથી ખલાસ કરી નાખે એ પહેલાં એ અગાશીમાં બનાવેલી એક નાનકડી રૂમમાં આવીને રહેતો થયો હતો. થોડી જરૂરી ચીજવસ્તુઓ હાથવગી રાખી હતી. અહીં આવીને એને થોડી રાહત અનુભવાતી હતી. અહીંથી એ બધું દૂર સુધી જોઈ શકતો. બધું ભર્યું-ભર્યું લાગતું! જોકે તોય આખું ઘર એને જાણે ચુપકીદીના ભયાનક પાયા પર ચણાયું હોય એમ લાગતું! એને પોતાના કાન પર શંકા થતી. એ વારંવાર કાન સાફ કરતો.